અડતાળા પડતાળાનો ગરબો.

બનાવનાર,
ભાઇશંકર દલસુખરામ,
મેસાણાના.

છપાવી પ્રસીધ્ધ કરનાર,
બુકસેલર કેશવલાલ જેચંદ.

અમદાવાદ.
"વિજય પ્રવર્ત્તક" પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૯—સન ૧૮૯૨.
કીંમત ૧ આનો.

૫૧૭૫

અડતાળાનો પડતાળો.

આજ આવીન્યાસી મૈયા કહે છે રહો રહો
કાલ વંન જાજો એ રાગ.

એ અડતાળા, પડતાળો કાઢયો તેં આખા દેશમાં;
મોટામુનીસરખા, મનુષ્ય માત્ર તેં કીધા વૈરાગવેશમાં. ટેક.
તેં તીસમારખાંને વશ કીધા, પેટમાં પેસીને ગાળ લીધા;
આ સાલમાં નવા સેગા કીધા. એ અડતાળા. ૧
તારો તાપ ઘણો તો ત્રાસકાળી, છવંછરની છેલ્લી તાળી;
નીચ ઉંચને નવ શકયો પાળી. એ અડતાળા. ૨
કોપકરીને તું આવ્યો કેડે, પીડા થાય તેતો ઘણા પગ ત્રોડે;
દવા લેવા જતાં ડાકતર દોડે. એ અડતાળા. ૩
તારા દુઃખની સમજણ નવ્ય પડે, બહુ બકારી ઢોક-
ળીઓ ચડે.

ડાકતરની દવાનો સ્ખે પાડ તો જડે. એ અડતાળા. ૪
અંસારમાંથી લીધાં લુટી, કઇક માંનવી આંની બેલટુટી;
કયાંઇ ટુટીની તો નથી બુટી. એ અડતાળા. ૫
ભાગ્ય ફુટયું તેનું બેઠું ભડે, કાંઇ અણચાર્યું દુઃખ
આવી નડે;
પોર પોર વેળાએ પોકરાણો પડે. એ અડતાળા. ૬
આસ્યાબંધાને આવી લોધા, સંબંધીનાં સ્થાં કામ સોક્યાં;
બોબાટથી બારમાં બંધ કીધાં. એ અડતાળા. ૭
વાંઢા હઠીએ સ્યા સારૂ કરે, પરણેલા અતી પીડાઇ મરે;
બોડી રાંડીઓ ઘણી થરથરે. એ અડતાળા. ૮
જાદુવાળા તો ઝડપાઇ ગયા, કીમીયાગરો કુટાઇ રહ્યા;
ભારે ભુંવા ભુંઇ ભેગા થયા. એ અડતાળા ૯
જોસી ફેરાસી જુઠા થયા, કાજી કષ્ટાઇ કરમાઇ ગયા;
અમલદાર વાર કરવા ના રહ્યા. એ. અડતાળા. ૧૦
શોક સંતાપથી દુઃખીયાં કીધાં, ઘણા ગરીબોના તેં
જીવ લીધા;
સ્યા ગુન્હા ઉપરથી દંડ દીધા. એ અડતાળા. ૧૧

સવાસેંગોને તેં સંતાપી, શીનીડા તાહારી પુરણ પાપી;
દુષ્ટ તેને દેવી નાંખે કાપી. ઓ અડતાળા. ૧૨
બાવા આખડીઓથી બંધ વાળ્યા, આદમીએ હાથ
ચુડા ઘાલ્યા.
આરાસુરીએ હાથ હથીઆર ઝાલ્યાં. ઓ અડતાળા. ૧૩
માણસ મન ધાર્યું સું કરે, પુત્રે પૈસ્યો પ્રેમદાપર
પ્યાર કરે;
ઉમરપાટાવાળા મુઝાઇ મરે. ઓ અડતાળા. ૧૪
ગાંમ પરગાંમ દેશ પરદેશ કાહાવે, હવંનહોમ બ્રંહ્મ
ભોજન સો કરાવે;
આરાસુરી અરજદારની વારે આવે. ઓ અડતાળા ૧૫
શું ઓસડ કરે ને શું ખાય, બાધે હાલું દુઃખ બીજે
કયાં જાય;
રાત દીવસ તો ખાવા ધાય. ઓ અડતાળા. ૧૬
કમજોર સ્ત્રીપર અમલ કરતા, દોડા પરોડીએ પાણીભરતા;
દઇણાં દળતા, હાથે બળતા. ઓ અડતાળા. ૧૭
ટણીદાર ઘણા ટાંગા ઘસે, વંઠેલની પાસે કુણ વસે;

વચન વળે કે વહાલાં ખસે. એ અડતાળા. ૧૮
ડોસા ડોસીઓના દંમ તેઃ ભરાઇ ગયા, જયાં જોઉ ત્યાં
જુવાન ઝાંખા થયા;
સ્ત્રીઓના હાલ બેહાલ રહ્યા. એ અડતાળા. ૧૯
દાંન પુન્ય દુનીઆમાં કેવું કાહાવ્યું, નિતિ ભ્રષ્ટ વી-
ભીચારપણું ફાવ્યું;
બહુ નઠારૂ વરસ નજરે આવ્યું, એ અડતાળા. ૨૦
રડે પડે તો કોણ જુવે, વસ્ત્ર બગડેલાં પણ કોણ ધુવે;
શેરી પોળે રાત્રે કુતરાં રૂવે. એ અડતાળા. ૨૧
ડાહ્યા દાંનસ્તા દુનીઆંમાં કહાવે, શ્રીમંત સારાં ઓ-
સડ લાવે;
સત્રારમાં શું સંભળામણી આવે. એ અડતાળા. ૨૨
માણુસ મજાદાર કઇક ગયા, વજ્ર છાતીવાળાં કઇક
હવેથી થયાં;
હાલ હઇયાત છે એતો અમર રહ્યાં. એ અડતાળા. ૨૩
વરસાદ તો ઘણો વહેરીરે થયો, ગણાં ગાંમમાં ઘર
પાડીને ગયો;

અડતાળા જેવો તું તો થયો. એ અડતાળા. ૨૪
આ દુઃખથી ઘણા હારી ગયા, તાવ તકાસીને ઉભા થયા;
ખુબ ખાટલા ભેગા કરી ગયા. એ અડતાળા. ૨૫
ટાઢીઓ ઉનો તકાસો રહ્યો, એકાંતરીઓ આવી ભેગો
થયો;
શરીરના સાંધા દુઃખાવી ગયો. એ અડતાળા. ૨૬
તું આદમી થઇ અરૂડ થયો, શી નાંમના સારી કરીને રહ્યો;
છેવટનું પુછડું પછાડતો ગયો. એ અડતાળા. ૨૭
દલ દુઃખાવતી દીવાળી આવે, રંભુ જંભુ તો નવ્ય ફાવે;
શોકવાળા સુતક ઉતરાવે. એ અડતાળા. ૨૮
સૌ જાણે વરસ આવશે સારૂ, દેવ દુનીઆંને તો અતી
પ્યારૂ;
દાંન દયા દુનીઆંમાં કેવું દયારૂ. એ અડતાળા. ૨૯
કુડ કપટ ઝપટ કુટી મારો, સત્ય સુકૃત સૌ સદાય ધારે;
ત્રણ લોકમાં તરવાનો આરો. એ અડતાળા. ૩૦
દેવ ડુંગર પક્કા પીરમકે, દુખ દુનીઆંનું કાઢે ધકે;
માણસમાં તાવે બહુ બકે. એ અડતાળા. ૩૧

કહે ભાઇશંકર આઇ આરાસુરી, અડતાળો બાધે વ-
ળ્યો ફરી;
મહંમાયાએ આવી મહેરબાની કરો, એ અડતાળા
પડતાળો કાઢયો તેં આખા દેશમાં. ૩૨

સમાપ્ત.